દાવો દાખલ તા. ૦૮–૦૯–૨૦૨૫
દાવો રજુ તા. ૦૮–૦૯–૨૦૨૫
દાવો ફેંસલ તા. ૦૭–૦૮– ૨૦૨૬
<u>અવધિ :– વર્ષ. માસ. દિવસ.</u>
૦૦– ૧૦ – ૩૦

GJAM050017902025

# મે. એડી.સીની. સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટ માં , મુ.રાજુલા

**રે.દિ.કેસ નં.– ૧૬૫/૨૦૨૫**
આંક નંબર :

**વાદી** : સિરાજભાઈ લોંગભાઈ ગાહા,
ઉ.વ.આ.૩૩, ધંધો–મજુરી, ધર્મ–મુસ્લીમ,
રહે.મેઈન રોડ મુ. ડુંગર, તા.રાજુલા, જિ.અમરેલી

**વિરૂદ્ધ**

**પ્રતિવાદી :** આઈશાબેન વા/ઓ સિરાજભાઈ ગાહા
તે મેરાજભાઈ લુલાણીના દીકરી.
ઉ.વ.આ.૩૨, ધંધો–ઘરકામ, ધર્મે–મુસ્લીમ,
રહે.બસસ્ટેન્ડની બાજુમા, મુ.જામવાળા ગીર,
તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ

## દાવો:–મુસ્લીમ લો મુજબ નિકાહ (લગ્ન) ના કરાર નુ પાલન કરી હકક પુન: સ્થાપન કરવા અંગે

વાદી ઓ તરફે વિ.વ.શ્રી વી.એસ.રાઠોડ
પ્રતિવાદી ઓ તરફે : એક તરફી

**– :: ઠ રા વ ::–**

(૧) **દાવા અરજી ની ટુક માં હકીકત :––**

વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે, અરજદાર/વાદીના નિકાહ આ કામના સામાવાળા/પ્રતિવાદી સાથે મુસ્લીમ શરીઅત અને જ્ઞાતિના રીત રીવાજ મુજબ તા.૨૧/૦૪/૨૦૦૯ ના રોજ જામવાળાગીર મુકામે થયેલા છે. સદરહુ લગ્ન જીવનના ફળ સ્વરૂપે ત્રણ દિકરા છે (૧) અરમાન ઉ.આ.૧૪ (૨) અનસ ઉ.આ.૧૦ (૩) સરફરાજ ઉ.આ.૭ નો જન્મ થયેલ છે જે હાલ સામાવાળા/પ્રતિવાદી પાસે છે. આ કામના અમો પક્ષકારોનુ લગ્નજીવન ૧૬– વર્ષથી સુખરૂપ ચાલતુ હતું અને અરજદાર આ કામના સામાવાળાની તમામ જરૂરીયાતો હરહંમેશ પુરી પાડતા હતા અને સામાવાળા પણ અમારી સાથે ખુબ જ હળીમળીને સંપીને રહેતા હતા અને સુખમય લગ્નજીવન ચાલતુ હતુ.

તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ સામાવાળાના ભાઈ સમીરભાઈ મે ઉમરાહ કરવા માટે મકકા મદીના જવાનુ હોય જેથી સમીરભાઈ તથા મુસ્તાકભાઈ રાજીખુશીથી સામાવાળાને તેડવા આવેલા ત્યારબાદ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ સમીરભાઈને પ્લેનમાં બેસાડયા બાદ આ કામના સામાવાળાને તેડવા જવાનુ હતુ ત્યારે કોઈ કારણ વગર સામાવાળાના ભાઈ સમીરભાઈએ ફોનમાં મને કહેલ કે, " આઈશા હવે નહી આવે " ત્યારબાદ વાદી એ સામાવાળાને ફોન કરતા સમીરભાઈ તથા સામાવાળાના માતાની ચડામણીથી તેમણે વાદી ને કહે કે, ' મારે હવે કયારેય

આવવુ નથી," પછી સામાવાળા દવાખાને ગયાનુ વાદી ને જણાવતા વાદી ને ચિંતા થતા વાદી તાત્કાલીક ફોરવ્હીલર ગાડી બાંધી સામાવાળાના ખબર કાઢવા માટે જામન વાળા ગીર તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ વાદી ના ભાઈ દાઉદભાઈ તથા વાદી ના માતા હલીમાબેન ગયા તો સામાવાળાના ઘરના સભ્યોએ તેઓ ની સાથે ગેરવર્તન કરેલ અને સામાવાળાને મોકલવાની ના પાડેલ, ત્યારબાદ વાદી એ સામાવાળા સાથે વાત કરતા તેમણે પણ વાદી સાથે આવવાની ચોખ્ખી ના પાડેલ અને વાદી ને પીવા માટે પાણી પણ આપેલ નહી અને વાદી નુ અપમાન કરીને અમોને કાઢી મુકેલ. ત્યારબાદ ગઈ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ વાદી ના કાકા જુમાભાઈ શકુરભાઈ ગાહા તથા વાદી ના ફુઈ હનીફાબેન તથા વાદી ના બેન ફિરોજાબેન તથા યાસીનભાઈ તથા મારાભાઈ દાઉદભાઈ વગેરે બધા સામાવાળા સાથે સમાધાન કરવા માટે જતા સામાવાળાના પિતાને ત્યાં ગયેલા ત્યારે સામાવાળાના પિતાએ કહેલ કે" અહીંયા શું કામ આવ્યા " તેમ કરીને બધાને કાઢી મુકેલ. જેથી વાદી એ એ હાલ નો દાવો કરેલ છે. જેથી હાલની આ અરજી લાવી દાદ માંગવાની કે

--- મુસ્લીમ લો મુજબ નિકાહ(લગ્ન)ના કરારનું પાલન કરી હકક પુનઃસ્થાપન કરવા તેમજ લાગુ પડતી કલમ મુજબ સામાવાળા/પ્રતિવાદીને અમારી સાથે રહીને લગ્ન હકક પુરા કરવાનો હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. ''

---- અન્ય કાયદાથી મળી શકતી તમામ દાદ તથા મદદ તથા રક્ષણ અપાવવા અરજ છે.

-- નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી અન્ય આનુસાંગીક દાદો આપવા મહેરબાની કરજો જી.

-- આજીવન તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી કરાવશો.

(૩) પ્રતિવાદી ઓ ના જવાબ ની હકીકત :-

સદરકામે પ્રતિવાદી ને ધારા ધોરણસર નો સમન્સ બજેલ છે તેમ છતા આ પ્રતિવાદી અત્રે ની કોર્ટ રૂબરૂ હાજર થયેલા નથી. જેથી મારા અગાઉ ના પ્રિસાડીંગ ઓફીસર શ્રી ના ઓ એ સદરહુ કેસ એકતરફ ચલાવવા નો હુકમ કરેલ છે .

'' સદર કામે પ્રતિવાદીને ધારા ધોરણ સર સમન્સની બજવણી થઈ જવા છતાં તેઓ હાજર થયેલ નથી. તેથી મારા અગાઉના પ્રિસેન્ડિંગ સાહેબ શ્રી નાઓએ તેમની સામેનું કામ એકતરફી ચલાવવાનો હુકમ કરેલ છે.''

(૩) મુદ્દા :--

મારા અગાઉ ના વિ. પ્રિસાડીંગ ઓફીસર શ્રી ના ઓએ વાદી તરફે ના પ્લીડીંગ તથા દસ્તાવેજી પુરાવા તથા મુખ્યત્વે તકરાર ધ્યાને રાખી અને નીચે મુજબ ના મુદદા ફ્રેઈમ કરેલ છે.

મુદ્દા નંબર-૧ :-

શું અરજદાર/વાદી પુરવાર કરે છે કે, આ કામના સામાવાળા/પ્રતિવાદી સાથે મુસ્લીમ શરીઅત અને જ્ઞાતિના રીત રીવાજ મુજબ લગ્ન (નિકાહ) સંપન્ન થયેલ છે ?

મુદ્દા નંબર–ર :–

શું અરજદાર/વાદી પુરવાર કરે છે કે, આ કામના સામાવાળા/ પ્રતિવાદીએ અકારણ તેમનો ત્યાગ કરેલ છે ?

મુદ્દા નંબર–૩ :–

શું અરજદાર/વાદી પુરવાર કરે છે કે, તેઓ મુસ્લીમ લો મુજબ નિકાહના કરારનું પાલન કરી હકક પુન: સ્થાપન કરવા હકકદાર છે ?

મુદ્દા નંબર–૪ :–

શું હુકમ અને હુકમનામું?

(૪) પક્ષકારોની દલીલો,તથા રેકર્ડઉપર આવેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતા તેમજ કાયદાકીય જોગવાઈને ઘ્યાનમાં લેતાં, ઉપરોકત મુદાઓના મારા જવાબો અને કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદદા નંબર–૧ | ન્કાર માં |
| મુદદા નંબર–ર | નકાર માં |
| મુદદા નંબર–૩ | નકાર માં |
| મુદદા નંબર–૪ | આખરી હુકમ મુજબ |

## (૫) વાદી તરફે ના પુરાવા :--

વાદી તરફે નીચે મુજબ ના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવા માં આવેલ છે .

**મૌખીક પુરાવા :-**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી સિરાજભાઈ લોંગભાઈ ના ઓ નુ સરતપાસ નુ સોગંધનામુ | ૦૮ |

વાદી ના ઓ ને વધારા નો પુરાવો રજુ કરવા માટે ન્યાય ના હીત માં ઘણી મુદતો આપવા છતા તેઓ વધારા નો પુરાવો રજુ કરતા ના હોય જેથી તેઓ નો વધારા નો પુરાવો રજુ કરવા નો હક બંધ કરવા માં આવેલ છે.

## (૬) પ્રતિવાદી તરફે ના પુરાવા :--

સદર કામે પ્રતિવાદી ના ઓ ને ધારા ધોરણસર નો સમન્સ બજવા છતા તેઓ હાજર થયેલ નથી. જેથી તેઓ ના તરફે સદરહુ દાવો એકતરફી ચલાવવા નો હુકમ

કરવા માં આવેલ છે. જેથી સદરહુ દાવો માં પ્રતિવાદી તરફે કોઈ પુરાવા રજુ કરવા માં આવેલ નથી.

## (૭) વાદી તથા પ્રતિવાદી તરફે રજુ કરવા માં આવેલ દલીલો :

વાદી ના વિ.વ.શ્રી ની રજુઆત સાંભળી.

## --: નિર્ણય અંગે ના કારણો :--

(૮) સદર કામે ઘડવા માં આવેલ મુદ્દા અન્વયે પુરાવા ની ચર્ચા કરતા પહેલા પુરાવા ના મુલ્યાકન ના સિંધ્ધાતો ઘ્યાને લેતા જે હકીકત પ્લીડીંગ એટલે કે દાવા અરજી અને દાવા ના જવાબ માં દર્શાવેલ ન હોય તે હકીકત નો પુરાવો ઘ્યાને લઈ શકાય નહી. ભારતીય પુરાવા ના કાયદા ની જોગવાઈ તથા સી.પી.સી. ની જોગવાઈ ઘ્યાને લેતા વાદી કે પ્રતિવાદી એ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા ના જવાબ માં દર્શાવેલ ન હોય તે અંગે નો પુરાવો આવે તો પણ પ્લીડીંગ માં તેનો આધાર ન હોય તે હકીકત ઉપર આધાર રાખી શકાય નહી.

(૯) ભારતીય પુરાવા અધિનિયમ ના પ્રકરણ-૭ માં કલમ-૧૦૧ માં સાબીતી નો બોજા અંગે જોગવાઈ કરવા માં આવેલ છે.

**ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૧ :–**

**કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકત ના અસ્તિત્વ ના અધાર પર થી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વ માં છે તેમ સાબીત કરવુ પડે. જયારે કોઈ હકીકતો નુ અસ્તિત્વ સાબીત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાકે તે વ્યકિત પર સાબીતી નો બોજો છે.**

ઉપરોકત કલમ વંચાણે લેતા વાદી ના દાવા ની કોઈ બાબતો અંગે જયારે પ્ર તિવાદી એ વિધાનો વિરુધ્ધ કબુલ કર્યા હોય ત્યારે તેવી બાબતો વાદી ધ્વારા હકઢ ારાત્મક રીતે પુરવાર કરવી પડે. જો વાદી આવી હકીકત હકારાત્મક પુરાવા થી પુરવાર કરે તો તેથી વિપરીત સાબીતી કરવાનો બોજો પ્રતિવાદી ઉપર ખસે છે. વધુ માં **એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ કીમીટી વિ. ભંડેરી ધીરુભાઈ નરસીભાઈ (૨૦૦૮(૧) જી.સી.ડી. ૩૬૬ (ગુજ.)** ના ચુકાદા માં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે પ્લીડીંગ માં દર્શાવેલ હકીકત તે અંગે પુરાવો રજુ કર્યા સિવાય સાબીત માની શકાય નહી. સદરહુ ચુકાદા માં પ્રસ્થાપિત કરવા માં આવેલ છે કે દાવા અરજી કે દાવા જવાબ માં કોઈ પણ હકીકત જણાવેલ હોય, પણ જયાં સુધી તે હકીકત મૌખીક પુરાવા માં અદાલત સમક્ષ સોગંધ ઉપર જણાવવા માં ન આવે ત્યા સુધી તે હકીકત પુરાવા નો ભાગ બની શકે નહી કે તેવી હકીત અદાલત ઘ્યાન માં લઈ શકે નહી કારણ કે દાવા અરજી કે દાવા નો જવાબ પોતે કોઈ પુરાવા નથી.આમ ઉપરોકત ઠરાવવા માં આવેલ સિધ્ધાતો તથા કેસ ની હકીકત તથા બંને પક્ષકારો તરફે કરવા માં આવેલ દલીલો ને ઘ્યાન માં લઈ આ દાવા ના પુરાવા ની આગળ ચર્ચા કરવા માં આવેલ છે.

(૧૦) હાલ ના દાવા ના નિર્ણય અર્થે વાદી તરફે રજુ કરવા માં આવેલ તમામ મૌખીક તથા તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધેલ છે, તેમજ વાદી ના વિ.વ.શ્રી ધ્વારા કરવા માં આવેલ રજુઆતો ધ્યાને લીધેલ છે.

**<u>મુદદા નંબર–૧ તથા ૩ અનુસંધાને :––</u>**

(૧૧) સદર કામે મુદદા નંબર–૧ તથા ૩ બંને એક બીજા સાથે સલગ્ન હોય જેથી ચર્ચાનુ પુરનાવર્તન ટાળવા સારુ બંને મુદદા ની પણ સયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

સદર કામે આ વાદી નાઓ ના તરફે મુખ્ય તકરાર લઈ ને આવેલ છે કે આ હાલના કામ ના પ્રતિવાદી ની સાથે તેઓ ના મુશ્લીમ રીત રીવાજ મુજબ લગ્ન થયેલ છે અને તે મુજબ આ પ્રતિવાદી તેમના પત્ની છે અને આ પ્રતિવાદી ના ઓ એ તેઓ વાદી નો અકારણસહ ત્યાગ કરેલ છે. હવે આ તકરાર ને ધ્યાને રાખી અને રેકર્ડ ઉપર ના પુરાવા ધ્યાને લઈએ તો ––

સદર કામે વાદી ના ઓ એ પોતે પોતાનો સરતપાસ નુ સોગંધનામુ રજુ કરેલ છે પંરતુ આ મૌખીક પુરાવા ના સમર્થન માં લગ્ન થયેલા ની હકીકત રેકર્ડ ઉપર લાવવા સારુ દસ્તાવેજી પુરાવા રજુ કરવા માં આવેલ નથી. સદર કામે આ વાદી તરફે કોઈ નિકાહખાના નો દસ્તાવેજ રજુ કરવા માં આવેલ નથી. આ લગ્ન કરાવનાર કાજી નાઓ ને તથા આ લગ્ન સમયે હાજર હોય તેવા કોઈ સાહેદો ના પુરાવા હાલના કામે આ વાદી તરફે રજુ કરવા માં આવેલ નથી. આ પ્રતિવાદી એ તેઓ વાદી નો

ત્યાગ કરેલ હોય તે હકીકત માની શકાય તેવા પણ કોઈ પુરાવા હાલના કામે રજુ કરેલ નથી. આ વાદી નાઓ એ તેઓ ની ઘર ની આજુ બાજુ નાપણ કોઈ સાહેદો ને તપાસેલા નથી. વાદી પોતે આ પ્રતિવાદી ની સાથે લગ્ન નો નિકાહખાના (કરાર) થયેલા ની હકીકત જણાવે છે તેવો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. જેથી આ તમામ હકીકત ને ધ્યાને રાખતા જણાઈ આવે છે કે વાદી પોતાની દાવા અરજી ની હકીકત પુરવાર કરી શકેલા નથી. જેથી મુદદા નંબર-૧ થી ૩ નો જવાબ '' નકાર માં '' આપી અને મુદદા નંબર-૪ અનુસંધાને ન્યાય ના હીત માં નીચે મુજબ હુકમ કરવા માં આવે છે.

**હુ ક મ**

(૧) વાદી નો દાવો આથી નામંજુર કરવા માં આવે છે.

(૨) દરેક પક્ષકારે પોતે પોતાનો ખર્ચ ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આજ રોજ મારી સહી કરીને, ખુલ્લી અદાલતમા આ ચુકાદો વાંચી- સંભળાવી ને જાહેર કર્યો.

તારીખ-૦૧/૦૮/૨૦૨૬

સ્થળ:- રાજુલા

(ભરતકુમાર મનમોહનભાઈ પરમાર)
એડી.સીની. સીવીલ જજ, રાજુલા
કોડ નંબર જી જે ૦૧૩૪૮